જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર,સુરત
બીજો માળ સી-બ્લોક બહુમાળી ભવન નાનપુરા, સુરત.
ફોન નંબર.૦૨૬૧-૨૪૬૫૯૨૫, E-Mail : gm-dic-sur@gujarat.gov.In

જા. નં. : જિઉકે/સુ/હરઉ/૨૯૮૫/૨૦૨૫ તા. ૧૯ /૦૬/૨૦૨૫

પ્રતિ,
સંચાલકશ્રી/આચાર્યશ્રી,
પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા તમામ,
સુરત, જિ. સુરત.

વિષય : અસરગ્રસ્ત રત્નકલાકારના બાળકોને સ્કૂલ ફી સહાય મેળવવા અરજી કરવા બાબત.

સંદર્ભ : (૧) ગુજરાત સરકાર, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય ગાંધીનગરના ઠરાવ ક્રમાંક:હરઉ-૧૦૨૦૨૫-૪૪૨-ચ, તા. ૨૪/૦૫/૨૦૨૫

(૨) ઉદ્યોગ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક : ઉક/સો.ટેક્ષ/ હીરા.ઉ/૧૪૭/ ૫૮૧૩૩૬૦, તા.૨૯/૦૫/૨૦૨૫

(૩) જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીના પરિપત્ર ક્રમાંક:જા.નં. :૨૦૨૫/૬૬૪૪ તા.૦૫/૦૬/૨૦૨૫

(૪) માન. કલેકટરશ્રીની અધ્યક્ષ સ્થાને તા.૧૦/૦૬/૨૦૨૫ ની બેઠકમાં મળેલ સુચના અનુસાર

(૫) માન. કલેકટરશ્રીની અધ્યક્ષ સ્થાને તા.૧૧/૦૬/૨૦૨૫ ની શાળા સંચાલક મંડળની બેઠકમાં મળેલ સુચના અનુસાર.

(૬) જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર સુરતનો પત્ર જા.નં.:જિઉકે/સુ/હરઉ/૨૮૮૩/૨૦૨૫ તા.૧૨/૦૬/૨૦૨૫.

અસરગ્રસ્ત રત્નકલાકારોના બાળકો માટે ગુજરાત સરકારશ્રી દ્વારા સ્કૂલ ફી માટે સહાય પેકેજની જાહેરાત સંદર્ભ-૧થી કરવામાં આવેલ છે અને સંદર્ભ-૨થી આ સહાય મેળવવા માટેની અરજી કરવા માટેનું “સ્કૂલ ફી સહાય અરજી ફોર્મ” અને તે અંગેના આધાર-પુરાવાનું ચેકલીસ્ટ જાહેર કરવામાં આવેલ છે. આ સહાય મેળવવા માટે શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના(અસરગ્રસ્ત રત્નકલાકારોના બાળકો) વાલીશ્રીઓએ અરજી કરવા માટે ઉક્ત સંદર્ભ-૧, ૨ અને ૩ ની સૂચનાઓ ધ્યાને લઇ અરજી કરવાની રહે છે. સંદર્ભ-૩ થી અરજી અંગેના જરૂરી સુચનો આપવામાં આવેલ છે. સંદર્ભ-૪ થી અરજી કરવાની પ્રક્રિયામાં ફેરફાર કરવામાં આવે છે જે અન્વયે વાલીઓને સરળતા ખાતર અરજી અને તમામ આધાર પુરાવા શાળા કક્ષાએ જમા કરાવવાના રહેશે જે પ્રક્રિયા નીચે મુજબ છે.

<u>અરજી કરવા માટેની અગત્યની સૂચનાઓ</u>

1. “ સ્કૂલ ફી સહાય અરજી ફોર્મ ” વાલીએ (અસરગ્રસ્ત રત્નકલાકારો) ભરી શાળામાં આધાર પુરાવાઓ સાથે નિયત સમયમર્યાદામાં રજૂ કરવાનું રહેશે.
2. વાલીએ(અસરગ્રસ્ત રત્નકલાકારો) અરજી(૧ થી ૪ પાનાની) સાથે રજૂ કરવાના આધાર પુરાવાઓ
   A. આધાર કાર્ડની નકલ(અરજદાર અને અરજદારશ્રીના બાળક)
   B. રત્નકલાકાર/અરજદારનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝ ફોટો

C. બાળકના શાળામાં અભ્યાસ કરતા હોવાનું શાળાનું બોનાફાઈડ સર્ટિફિકેટ

D. બાળકની સ્કૂલ ફી અંગેનું સ્કૂલનું પ્રમાણપત્ર

E. સુરત ડાયમંડ એસોસિએશન દ્વારા આપવાનું ભલામણપત્રમાં અસરગ્રસ્ત વાલી સંબંધિત તમામ વિગતો ભરીને પત્રક અરજી ફોર્મ સાથે મુકવાનું રહેશે.

3. શાળા કક્ષાએ અરજી ફોર્મની તમામ વિગતો ભરી વેરિફિકેશન કરી આચાર્યશ્રીના સહી સિક્કા સાથે અને આધારો સહીત **જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર સુરતની કચેરીએ નિયત સમયમર્યાદામાં જમા કરાવવાના રહેશે.**
4. **જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા આ તમામ ફોર્મ સુરત ડાયમંડ એસોસિએશનની કચેરીએ ભલામણ અર્થે મોકલી આપવાના રહેશે.**
5. જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર દ્વારા **તમામ અરજીઓ સુરત ડાયમંડ એસોસિએશન પાસેથી પરત લેવાના રહેશે.**
6. અગત્યની સમયમર્યાદા

| ક્રમ | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | વાલીશ્રીએ શાળા ખાતે અરજી રજૂ કરવાની સમયમર્યાદા | તા.૦૯/૦૬/૨૦૨૫ થી તા.૨૩/૦૭/૨૦૨૫ |
| ૨ | શાળાએ તમામ દરખાસ્તો<br>જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સી/૨, બહુમાળી ભવન, નાનપુરા સુરત ખાતે રજૂ કરવાની સમયમર્યાદા | પ્રથમ તબક્કો : 30/0૬/૨૦૨૫<br>બીજો તબક્કો : ૦૭/૦૭/૨૦૨૫<br>ત્રીજો તબક્કો : ૨૪/૦૭/૨૦૨૫ |

સદંર્ભદર્શિત (૩) થી જાહેર કરવામાં આવેલ અન્ય તમામ સુચનાઓ યથાવત રહેશે.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
સુરત, જિ. સુરત

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ. સુરત

સંયુક્ત ઉદ્યોગ કમિશનર અને
જનરલ મેનેજર
જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર,સુરત

નકલ સવિનય રવાના:

1. ઉદ્યોગ કમિશનરશ્રી, ઉદ્યોગ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર.
2. માન. કલેકટરશ્રી, સુરત
3. સભ્યશ્રી તમામ, જિલ્લા કક્ષાની મંજૂરી સમિતિ
4. પ્રમુખશ્રી, સુરત ડાયમંડ એસોસિએશન, સુરત
5. પ્રમુખશ્રી, સ્વનિર્ભર શાળા સંચાલક મંડળ, સુરત

જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર,સુરત

બીજો માળ સી-બ્લોક બહુમાળી ભવન નાનપુરા, સુરત.

ફોન નંબર.૦૨૬૧-૨૪૬૫૯૨૫, E-Mail : gm-dic-sur@gujarat.gov.in

---

જા. નં. : જિઉકે/સુ/હરઉ/૨૯૯૩/૨૦૨૫ તા. ૧૨/૦૬/૨૦૨૫

પ્રતિ,

સંચાલકશ્રી/આચાર્યશ્રી,

પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા તમામ,

સુરત, જિ. સુરત.

વિષય : અસરગ્રસ્ત રત્નકલાકારના બાળકોને સ્કૂલ ફી સહાય મેળવવા અરજી કરવા બાબત.

સંદર્ભ : (૧) ગુજરાત સરકાર, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય ગાંધીનગરના ઠરાવ ક્રમાંક:હરઉ-૧૦૨૦૨૫-૪૪૨-ચ, તા. ૨૪/૦૫/૨૦૨૫

(૨) ઉદ્યોગ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક : ઉક/સો.ટેક્ષ/ હીરા.ઉ/૧૪૭/૫૮૧૩૩૬૦, તા.૨૯/૦૫/૨૦૨૫

(૩) જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરીના પરિપત્ર ક્રમાંક:જા.નં. :૨૦૨૫/૬૬૪૪ તા.૦૫/૦૬/૨૦૨૫

(૪) માન. કલેક્ટરશ્રીની અધ્યક્ષ સ્થાને તા.૧૦/૦૬/૨૦૨૫ ની બેઠકમાં મળેલ સુચના અનુસાર.

(૫) માન. કલેક્ટરશ્રીની અધ્યક્ષ સ્થાને તા.૧૧/૦૬/૨૦૨૫ ની શાળા સંચાલક મંડળની બેઠકમાં મળેલ સુચના અનુસાર.

અસરગ્રસ્ત રત્નકલાકારોના બાળકો માટે ગુજરાત સરકારશ્રી દ્વારા સ્કૂલ ફી માટે સહાય પેકેજની જાહેરાત સંદર્ભ-૧થી કરવામાં આવેલ છે અને સંદર્ભ-૨થી આ સહાય મેળવવા માટેની અરજી કરવા માટેનું "સ્કૂલ ફી સહાય અરજી ફોર્મ" અને તે અંગેના આધાર-પુરાવાનું ચેકલીસ્ટ જાહેર કરવામાં આવેલ છે. આ સહાય મેળવવા માટે શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના(અસરગ્રસ્ત રત્નકલાકારોના બાળકો) વાલીશ્રીઓએ અરજી કરવા માટે ઉક્ત સંદર્ભ-૧, ૨ અને ૩ ની સૂચનાઓ ધ્યાને લઇ અરજી કરવાની રહે છે. સંદર્ભ-૩ થી અરજી અંગેના જરૂરી સુચનો આપવામાં આવેલ છે. સંદર્ભ-૪ થી અરજી કરવાની પ્રક્રિયામાં ફેરફાર કરવામાં આવે છે જે અન્વયે વાલીઓને સરળતા ખાતર અરજી અને તમામ આધાર પુરાવા શાળા કક્ષાએ જમા કરાવવાના રહેશે જે પ્રક્રિયા નીચે મુજબ છે.

## અરજી કરવા માટેની અગત્યની સૂચનાઓ

1. " સ્કૂલ ફી સહાય અરજી ફોર્મ " વાલીએ (અસરગ્રસ્ત રત્નકલાકારો) ભરી શાળામાં આધાર પુરાવાઓ સાથે નિયત સમયમર્યાદામાં રજૂ કરવાનું રહેશે.
2. વાલીએ(અસરગ્રસ્ત રત્નકલાકારો) અરજી(૧ થી ૪ પાનાની) સાથે રજૂ કરવાના આધાર પુરાવાઓ
   - A. આધાર કાર્ડની નકલ(અરજદાર અને અરજદારશ્રીના બાળક)
   - B. રત્નકલાકાર/અરજદારનો તાજેતરનો પાસપોર્ટ સાઈઝ ફોટો
   - C. બાળકના શાળામાં અભ્યાસ કરતા હોવાનું શાળાનું બોનાફાઈડ સર્ટિફિકેટ

D. બાળકની સ્કૂલ ફી અંગેનું સ્કૂલનું પ્રમાણપત્ર

E. સુરત ડાયમંડ એસોસિએશન દ્વારા આપવાનું ભલામણપત્રમાં અસરગ્રસ્ત વાલી સંબંધિત તમામ વિગતો ભરીને પત્રક અરજી ફોર્મ સાથે મુકવાનું રહેશે.

3. શાળા કક્ષાએ અરજી ફોર્મની તમામ વિગતો ભરી વેરિફિકેશન કરી આચાર્યશ્રીના સહી સિક્કા સાથે અને આધારો સહીત સુરત ડાયમંડ એસોસિએશનની કચેરી (મીની બજાર,૧૨-૧૪, વરાછા મેઇન રોડ, મીરા નગર, મીરાનગર સોસાયટી, વરાછા, સુરત) ને ભલામણપત્ર મેળવવા અર્થે મોકલી આપવાના રહેશે.

4. સુરત ડાયમંડ એસોસિએશનએ શાળાઓ તરફથી મળેલ અરજીઓને ધ્યાને લઇ ઠરાવની જોગવાઇઓને અનુસાર ગુણદોષના આધારે અરજી દીઠ ભલામણપત્ર ચકાસણી કરી આપશે.

5. તમામ અરજીઓ સુરત ડાયમંડ એસોસિએશન પાસેથી પરત લેવાની રહેશે.

6. શાળાઓએ મુદ્દા નં. ૨ અને 3 મુજબના અરજી ફોર્મ સંપુર્ણ આધાર-પુરાવા સહ જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર સુરતની કચેરીએ નિયત સમયમર્યાદામાં જમા કરાવવાના રહેશે.

7. અગત્યની સમયમર્યાદા

| ક્રમ | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | વાલીશ્રીએ શાળા ખાતે અરજી રજૂ કરવાની સમયમર્યાદા | તા.૦૯/૦૬/૨૦૨૫ થી તા.૨૩/૦૭/૨૦૨૫ |
| ૨ | શાળાએ તમામ દરખાસ્તો જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સી/૨, બહુમાળી ભવન, નાનપુરા સુરત ખાતે રજૂ કરવાની સમયમર્યાદા | પ્રથમ તબક્કો : 30/0૬/૨૦૨૫<br>બીજો તબક્કો : ૦૭/૦૭/૨૦૨૫<br>ત્રીજો તબક્કો : ૨૪/૦૭/૨૦૨૫ |

સદંર્ભદર્શિત (3) થી જાહેર કરવામાં આવેલ અન્ય તમામ સુચનાઓ યથાવત રહેશે.

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
સુરત, જિ. સુરત

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ. સુરત

સંયુક્ત ઉદ્યોગ કમિશનર અને
જનરલ મેનેજર
જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર,સુરત

નકલ સવિનય રવાના:

1) ઉદ્યોગ કમિશનરશ્રી, ઉદ્યોગ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર.

2) માન. કલેકટરશ્રી, સુરત

3) સભ્યશ્રી તમામ, જિલ્લા કક્ષાની મંજૂરી સમિતિ

4) પ્રમુખશ્રી, સુરત ડાયમંડ એસોસિએશન, સુરત.

# જિલ્લા શિક્ષણાધિકારી કચેરી સુરત

બ્લોક-એ, ત્રીજો માળ, જિલ્લા સેવા સદન-૨, અઠવાલાઈન્સ, સુરત - ૩૯૫૦૦૧

:- ૦૨૬૧-૨૬૬૨૯૦૨ :- suratdeo@gmail.com

web :-www.suratdeo.org


જા. નં. : ૨૦૨૫/ ૬૬૪૪

તા.૦૬/૦૬/૨૦૨૫
૦૫

પ્રતિ,

સંચાલકશ્રી/આચાર્યશ્રી,

પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શાળા તમામ,

સુરત, જિ. સુરત.

વિષય : અસરગ્રસ્ત રત્નકલાકારના બાળકોને સ્કૂલ ફી સહાય મેળવવા અરજી કરવા બાબત.

સંદર્ભ : (૧) ગુજરાત સરકાર, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય ગાંધીનગરના ઠરાવ ક્રમાંક:હરઉ-૧૦૨૦૨૫-૪૪૨-ચ, તા. ૨૪/૦૫/૨૦૨૫

(૨) ઉદ્યોગ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગરના પત્ર ક્રમાંક : ઉક/સો.ટેક્ષ/ હીરા.ઉ/૧૪૭/ ૫૮૧૩૩૬૦, તા.૨૯/૦૫/૨૦૨૫

(3) માન. કલેકટરશ્રી સુરતની અધ્યક્ષતામાં તા.૦૨/૦૬/૨૦૨૫ના રોજ યોજાયેલ બેઠકમાં મળેલ સૂચના.

ઉપરોક્ત વિષય અને સંદર્ભો અન્વયે જણાવવાનું કે તાજેતરમાં હીરા ઉદ્યોગ ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિવિધ પરીબળોને કારણે ઉતાર-ચઢાવ જોવા મળેલ છે. જે અન્વયે ડાયમંડ એસોસિએશન, રત્નકલાકારોની રજુઆતો તથા માન. સંસદ સભ્યશ્રીની ભલામણો અન્વયે અસરગ્રસ્ત રત્નકલાકારોના બાળકો માટે ગુજરાત સરકારશ્રી દ્વારા સ્કૂલ ફી માટે સહાય પેકેજની જાહેરાત સંદર્ભ-૧થી કરવામાં આવેલ છે અને સંદર્ભ-૨થી આ સહાય મેળવવા માટેની અરજી કરવા માટેનું "સ્કૂલ ફી સહાય અરજી ફોર્મ" અને તે અંગેના આધાર-પુરાવાનું ચેકલીસ્ટ જાહેર કરવામાં આવેલ છે. આ સહાય મેળવવા માટે શાળામાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના(અસરગ્રસ્ત રત્નકલાકારોના બાળકો) વાલીશ્રીઓએ અરજી કરવા માટે ઉક્ત સંદર્ભ-૧ અને ૨ની તથા નીચે મુજબની સૂચનાઓ ધ્યાને લઇ અરજી કરવાની રહેશે. આ સહાય અપાવવા માટે વિદ્યાર્થીઓના(અસરગ્રસ્ત રત્નકલાકારોના બાળકો) વાલીશ્રીઓને જાણ કરવાની અને સમયમર્યાદામાં અરજીઓ રજૂ કરવાની રહેશે.

## અરજી કરવા માટેની અગત્યની સૂચનાઓ

1. આ સહાય શૈક્ષણિક વર્ષ-૨૦૨૫-૨૬ના વર્ષ પુરતી મર્યાદિત રહેશે.
2. "સ્કૂલ ફી સહાય અરજી ફોર્મ" વાલીએ(અસરગ્રસ્ત રત્નકલાકારો) ભરી શાળામાં આધાર પુરાવાઓ સાથે નિયત સમયમર્યાદામાં રજૂ કરવાનું રહેશે.
3. વાલીએ(અસરગ્રસ્ત રત્નકલાકારો) અરજી(૧ થી ૪ પાનાની) સાથે રજૂ કરવાના આધાર પુરાવાઓ
    - A. આધાર કાર્ડની નકલ(અરજદાર અને અરજદારશ્રીના બાળક)
    - B. રત્નકલાકાર/અરજદારનો તાજેતરનો પાસપોર્ટ સાઇઝ ફોટો

C. રત્નકલાકાર હોવા અંગેનું જિલ્લા શ્રમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર અથવા રોજગાર અધિકારીશ્રીનું પ્રમાણપત્ર અથવા રત્નકલાકારને ડાયમંડ એસોસિએશન દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર/ભલામણપત્ર

D. બાળકના શાળામાં અભ્યાસ કરતા હોવાનું શાળાનું બોનાફાઈડ સર્ટિફિકેટ

E. બાળકની સ્કૂલ ફી અંગેનું સ્કૂલનું પ્રમાણપત્ર

4. જે વિદ્યાર્થીઓને સપૂર્ણ ફી માફી હોય તેવા વિદ્યાર્થીઓને આ સહાયનો લાભ મળવાપાત્ર નથી.

5. આ સહાય સ્કૂલ ફીના એક વર્ષ માટે ફીના ૧૦૦% લેખે પ્રતિ બાળક ભરવામાં આવેલ સ્કૂલ ફી, મહત્તમ રૂ. ૧૩,૫૦૦/-ની મર્યાદામાં સહાય સરકારશ્રી દ્વારા ચૂકવવામા આવશે.

6. અગત્યની સમયમર્યાદા

| ક્રમ | વિગત | તારીખ |
|---|---|---|
| ૧ | વાલીશ્રીએ શાળા ખાતે અરજી રજૂ કરવાની સમયમર્યાદા | તા. ૦૯/૦૬/૨૦૨૫ થી તા. ૨૩/૦૭/૨૦૨૫ |
| ૨ | શાળાએ તમામ દરખાસ્તો<br>જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, સી/૨, બહુમાળી ભવન, નાનપુરા સુરત ખાતે રજૂ કરવાની સમયમર્યાદા | પ્રથમ તબક્કો: ૩૦/૦૬/૨૦૨૫<br>બીજો તબક્કો: ૦૭/૦૭/૨૦૨૫<br>ત્રીજો તબક્કો: ૨૪/૦૭/૨૦૨૫ |

7. શાળાના આચાર્યશ્રીએ તમામ અરજીઓ શાળાના ફોરવર્ડીંગ પત્ર, શાળાના કેન્સલ ચેકની નકલ, વિદ્યાર્થીઓની યાદી અને FRCનો આદેશ રજૂ કરવાનો રહેશે.(આ માહિતી શ્રુતિ ફોન્ટ ગુજરાતીમાં રજૂ કરવી)

| ક્રમ | જી. આર. નંબર | વિદ્યાર્થીનું નામ | ધોરણ | વાલીનો મો. નં. | FRC મુજબની ફી | RTE હેઠળ અભ્યાસ કરે છે હા/ના? |
|---|---|---|---|---|---|---|
| | | (અટક, નામ, પિતાનું નામ) | | | | |
| આ પત્રકની એક્સલ સોફ્ટ કોપી પેનડ્રાઈવમાં રજૂ કરવી | | | | | | |

8. સદંર્ભપત્ર-૧ અને ૨ની સૂચનાઓ ધ્યાને લેવાની રહેશે.

બિડાણ : ઉપર મુજબ

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી
સુરત, જિ. સુરત

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિ. સુરત

સંયુક્ત ઉદ્યોગ કમિશનર અને
જનરલ મેનેજર
જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર,સુરત

<u>નકલ સવિનય રવાના:</u>

1) ઉદ્યોગ કમિશનરશ્રી, ઉદ્યોગ કમિશનરશ્રીની કચેરી, ગાંધીનગર.
2) માન. કલેકટરશ્રી, સુરત
3) સભ્યશ્રી તમામ, જિલ્લા કક્ષાની મંજૂરી સમિતિ
4) પ્રમુખશ્રી, સુરત ડાયમંડ એસોસિએશન, સુરત.

**હીરા ઉદ્યોગ ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિષમ પરિસ્થિતિના કારણે અસરગ્રસ્ત રત્ન કલાકારો અને એકમો માટે સહાય પેકેજ જાહેર કરવા બાબત.**

**ગુજરાત સરકાર**
**ઉદ્યોગ અને ખાણ વિભાગ**
**ઠરાવ ક્રમાંક: હરઉ-૧૦૨૦૨૫-૪૪૨-ચ**
**સચિવાલય, ગાંધીનગર.**
**તા.** 24 MAY 2025

**વંચાણે લીધા:**

(૧) ઉદ્યોગ કમિશનરશ્રીની કચેરીની તા.૦૯-૦૪-૨૦૨૫ની નોંધ.

**આમુખ:**

તાજેતરમાં હીરા ઉદ્યોગ ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિવિધ પરીબળોને કારણે ઉતાર-ચઢાવ જોવા મળેલ છે. જે અન્વયે ડાયમંડ એસોસિએશન, રત્ન કલાકારોની રજુઆતો તથા માન. સંસદ સભ્યશ્રીની ભલામણો અન્વયે અસરગ્રસ્ત રત્ન કલાકારો અને એકમોને યોગ્ય મદદ મળી શકે તથા સૂક્ષ્મ હીરાના એકમો પુન:સ્થાપિત થઇ શકે તે માટે સહાય પેકેજ જાહેર કરવા અંગેની બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

**ઠરાવ:**

કાળજીપૂર્વકની વિચારણાને અંતે હીરા ઉદ્યોગ ક્ષેત્રમાં આંતરરાષ્ટ્રીય કક્ષાએ વિવિધ પરિબળોને કારણે અસરગ્રસ્ત રત્ન કલાકારો અને એકમોને નીચે મુજબ સહાય આપવાનું ઠરાવવામાં આવે છે.

**[A] રત્ન કલાકાર માટેની સહાયની જોગવાઈ:**

**A-1 રત્ન કલાકાર ની પાત્રતા:-**

1. રત્નકલાકાર તા.૩૧/૦૩/૨૦૨૪ બાદ છૂટા થયેલ હોય અને આ પૂર્વે ઓછામાં ઓછા ત્રણ વર્ષ કોઇપણ હીરાના કારખાનામાં કામગીરી કરી હોવી જોઇએ અને તે હાલ હીરા ઉદ્યોગ ક્ષેત્રની રોજગારીથી વંચિત હોવો જોઇએ. આ બાબતના પુરાવા અરજી સાથે રજૂ કરવાના રહેશે.
2. રત્નકલાકારની ઉંમર ૨૧ વર્ષથી વધારે હોવી જોઇશે.

**A-2 રત્નકલાકારોને સૂચિત સહાય:-**

આંતરરાષ્ટ્રીય વિષમ પરિસ્થિતિઓના કારણે હીરા ઉદ્યોગ ક્ષેત્રની રોજગારીથી વંચિત થયેલ રત્ન કલાકારોના બાળકોને એક વર્ષ માટે ફીના ૧૦૦% લેખે પ્રતિ બાળક ભરવામાં આવેલ સ્કુલ ફી, મહત્તમ રૂ.૧૩,૫૦૦/- ની મર્યાદામાં.

**A-3 અરજી કરવાનો સમયગાળો:-**

ઉક્ત પેકેજ જાહેર થયા તારીખથી ૨ માસ સુધીમાં અસરગ્રસ્ત રત્નકલાકારે લગત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ખાતે અરજી કરવાની રહેશે.

**A-4 રત્ન કલાકારે રજુ કરવાના થતાં આધાર-પૂરાવા:-**

1. રત્ન કલાકાર હોવા અંગેનું જિલ્લા શ્રમ અધિકારીશ્રી/રોજગાર અધિકારીશ્રીનું પ્રમાણપત્ર/રત્ન કલાકારને ડાયમંડ એશોસીએશન દ્વારા આપવામાં આવેલ ભલામણપત્ર.
2. રત્ન કલાકારના બાળકોના સ્કુલની ફી અંગેનું સ્કુલનું પ્રમાણપત્ર.

**A-5 રત્ન કલાકારોને સહાય ચુકવવાની પદ્ધતિ:**

1. સ્કૂલ ફી DBT થી શાળાઓને શિક્ષણ વિભાગની પ્રવર્તમાન પદ્ધતિ મુજબ ચૂકવવાની રહેશે.
2. બાળક શાળામાં અભ્યાસ કરતા હોવાનું શાળાનું બોનાફાઇડ સર્ટીફિકેટ રજૂ કરવાનું રહેશે.
3. સદર સહાય શૈક્ષણિક વર્ષ ૨૦૨૫-૨૬ના વર્ષ પૂરતી મર્યાદીત રહેશે.

**[B] એકમ માટેની સહાયની જોગવાઈ:**

**B-1 એકમની પાત્રતા:-**

1. સૂક્ષ્મ એકમો સહાયપાત્ર બનશે. (સૂક્ષ્મ એકમની વ્યાખ્યા- તા.૨૧.૦૩.૨૦૨૫ ના એમ.એસ.એમ.ઇ. મંત્રાલય, ભારત સરકારના નોટીફિકેશન ક્રમાંક એસ.ઓ. ૧૩૬૪(ઇ) અનુસાર, પ્લાન્ટ અને મશીનરીમાં રૂ. ૨.૫ કરોડ સુધીનું મુડીરોકાણ ધરાવતાં એકમો)
2. એકમ છેલ્લા ત્રણ વર્ષથી (નાણાકીય વર્ષ ૨૦૨૨-૨૩, ૨૦૨૩-૨૪ અને ૨૦૨૪-૨૫ દરમિયાન) હીરા ઉદ્યોગ સાથે સંકળાયેલા હોવા જોઇએ.
3. એકમના વીજ વપરાશમાં ગત વર્ષ ૨૦૨૩-૨૪ ની સાપેક્ષે ૨૫% અથવા તેથી વધુ ઘટાડો થયેલ હોવો જોઇએ. (Proxy for reduction in turnover)
4. એકમે તા.૩૧/૦૩/૨૦૨૫ પહેલા ઉધમ રજિસ્ટ્રેશન મેળવેલ હોવું જોઇએ.

**B-2 એકમને સૂચિત સહાય:-**

1. સૂક્ષ્મ હીરાના એકમોને આ પેકેજ એકમે લીધેલ ટર્મલોન પૈકી મહત્તમ રૂ.૫.૦૦ (પાંચ) લાખની મુદ્દલ રકમ પર ભરેલ વ્યાજ સામે મહત્તમ ૯% ના ધોરણે ત્રણ વર્ષ માટેની વ્યાજ સહાય મળવાપાત્ર થશે. (તા. ૦૧/૦૭/૨૦૨૫ થી તા. ૩૦/૦૬/૨૦૨૮ સુધી) જો લોનનો સમયગાળો ત્રણ વર્ષ પહેલાં સમાપ્ત થતો હોય તો, લોન સમાપ્ત થયા બાદ વ્યાજ સહાય મળતી બંધ થશે.
2. ઇલેક્ટ્રીસીટી ડ્યુટી Exemption તા.૦૧/૦૭/૨૦૨૫ થી એક વર્ષ માટે.
   2.1 રાજ્ય સરકાર દ્વારા ગુજરાત ઇલેક્ટ્રીસીટી ડયુટી એક્ટની કલમ-૩(૩)(બી) અંતર્ગત ઇલેક્ટ્રીસીટી ડયુટી માફી આપતા પૂર્વે આ અંગેનું જાહેરનામું પ્રસિદ્ધ કરવાનુ રહેશે.

જાહેરનામું પ્રસિદ્ધ થયા તારીખથી આ અન્વયે લાભ મેળવવા ઇચ્છુક એકમોએ એક માસમાં અરજી કરવાની રહેશે.

**B-3 અરજી કરવાનો સમયગાળો:**

અસરગ્રસ્ત એકમે વ્યાજ સહાય માટે પેકેજ જાહેર થયા તારીખથી ૧ માસમાં લગત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ખાતે અરજી કરવાની રહેશે.

**B-4 લાભાર્થી એકમે રજુ કરવાના થતાં આધાર-પૂરાવા: -**

1. ઉદ્યમ રજિસ્ટ્રેશન.
2. લોન મંજુરી પત્ર.
3. એકમનું જીએસટી રજિસ્ટ્રેશન. (જો લાગુ પડતું હોય તો)
4. છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષના એકમના ટર્ન ઓવરના સંલગ્ન આધાર-પૂરાવાઓ એટલે કે, છેલ્લા ત્રણ નાણાંકીય વર્ષના એકમનાં વીજ વપરાશના આંકડા તથા આધાર-પૂરાવા.

**[C ] મંજૂરીની પ્રક્રિયા:**

**C-1 જિલ્લા કક્ષાની મંજુરી સમિતિ:-**

| | | |
|---|---|---|
| (૧) | કલેક્ટરશ્રી | અધ્યક્ષશ્રી |
| (૨) | જિલ્લા શ્રમ અધિકારીશ્રી | સભ્યશ્રી |
| (૩) | જિલ્લા રોજગાર અધિકારીશ્રી | સભ્યશ્રી |
| (૪) | જિલ્લા શિક્ષણ અધિકારીશ્રી | સભ્યશ્રી |
| (૫) | જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારીશ્રી | સભ્યશ્રી |
| (૬) | લીડ બેંકના ઓફીસરશ્રી | સભ્યશ્રી |
| (૭) | ડાયમંડ એશોસીએશનના પ્રતિનિધિશ્રી | સભ્યશ્રી |
| (૮) | જનરલ મેનેજરશ્રી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર | સભ્ય સચિવશ્રી |

જિલ્લા કક્ષાની મંજૂરીની સમિતિની બેઠક દર મહિનામાં ઓછામાં ઓછી ૦૨ (બે) વાર મળવી જોઈશે.

**[D] એકમને સહાય ચુકવવાની પદ્ધતિ:**

1. વ્યાજ સહાય DBT થી સરકારી બેંક/ સરકાર માન્ય બેંક અથવા સરકાર માન્ય નાણાકીય સંસ્થાને ચૂકવવાની રહેશે.
2. એકમે બેન્ક લોન અંગેના આધાર રજૂ કરવાના રહેશે.

**[E] અરજી કરવાની પદ્ધતિ:**

1. અસરગ્રસ્ત રત્નકલાકારોએ ઉક્ત પેકેજ જાહેર થયાના ૦૨ માસમાં લગત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ખાતે અરજી કરવાની રહેશે.

2. અસરગ્રસ્ત એકમોએ ઉક્ત પેકેજ જાહેર થયાના ૦૧ માસમાં લગત જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર ખાતે અરજી કરવાની રહેશે.
3. જરૂર જણાયે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર આ અંગેની સ્ક્રુટિની સમિતિ બનાવી શકશે. જેમાં મંજૂરી સમિતિના સભ્યોની કચેરીના કર્મચારીઓનો સમાવેશ કરી શકાશે.
4. જિલ્લા કક્ષાની સમિતિ દ્વારા અરજીની ચકાસણી કર્યા બાદ ગુણદોષના આધારે મંજૂર કરવાની રહેશે.
5. અરજી મંજૂર થયેથી મંજૂરીની રકમ FIFO પદ્ધતિ અનુસાર ચૂકવવાની રહેશે.

[F] રત્નકલાકારોને Skill Upgradation અથવા Re Skilling કે જે રોજગારી મેળવવા જરૂરી હોય, તેનું શ્રમ અને રોજગાર વિભાગ મારફતે જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર અને ડાયમંડ એસોસિએશનનાં સહકારમાં આયોજન કરવાનું રહેશે.

**[G]નાણાકીય જોગવાઇ:**

આ યોજના હેઠળનો ખર્ચ નીચેનાં બજેટ સદર હેઠળ કરવાનો રહેશે.

| | |
|---|---|
| માંગણી નં. | ૪૯ |
| મુખ્ય સદર | ૨૮૫૨–ઉદ્યોગ |
| પેટા મુખ્ય સદર | ૮૦ |
| ગૌણ સદર | ૮૦૦–અન્ય ખર્ચ |
| પેટા સદર | ૨૩, IND-4, ઔદ્યોગિક વિકાસ માટે સંસ્થાઓને સહાય |

આ હુકમો આ વિભાગની સમાનાંકી ફાઇલ પર નાણા વિભાગની તા.૧૭/૦૪/૨૦૨૫ અને રાજ્ય સરકારશ્રીની તા.૨૩/૦૪/૨૦૨૫નાં રોજ મળેલ સંમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતનાં રાજ્યપાલશ્રીનાં હુકમથી અને તેમના નામે,

(જે. બી. પટેલ)
સંયુક્ત સચિવ(ઉદ્યોગ)
ઉદ્યોગ અને ખાણ વિભાગ

**પ્રતિ,**
૧.*માન. રાજ્યપાલશ્રીના સચિવશ્રી, ગુજરાત રાજ્ય, રાજભવન, ગાંધીનગર.
૨. માન. મુખ્યમંત્રીશ્રીનાં અધિક મુખ્યસચિવશ્રી, માન. મુખ્ય મંત્રીશ્રીનું કાર્યલાય, સચિવાલય, ગાંધીનગર
3. માન. કેબિનેટ મંત્રીશ્રીઓનાં (તમામ)/માન. રાજ્યકક્ષાનાં મંત્રીશ્રીઓનાં (તમામ) અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
૪. અધિક મુખ્ય સચિવશ્રી, ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.

૫. અધિક મુખ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૬. અગ્ર સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૭. અગ્ર સચિવશ્રી, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૮. અગ્ર સચિવશ્રી, શ્રમ અને રોજગાર વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૯. અગ્ર સચિવશ્રી, સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૦. અગ્ર સચિવશ્રી, શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૧. નિયામકશ્રી, રોજગાર અને તાલીમ, ગુજરાત રાજય, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
૧૨. કલેકટરશ્રી (તમામ)
૧૩. જનરલ મેનજરશ્રી, જીલ્લા ઉદ્યોગ કેન્દ્ર (તમામ) (ઉદ્યોગ કમિશનરશ્રીની કચેરી મારફત)
૧૪. એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજય, અમદાવાદ/ રાજકોટ.
૧૫. નિયામકશ્રી, હિસાબ અને તિજોરી અધિકારીશ્રી, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
૧૬. માહિતી નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર.
૧૭. નાણા સલાહકારશ્રી (ઉદ્યોગ) નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
૧૮. ખાતાના વડાઓ, ઉદ્યોગ અને ખાણ વિભાગ.(તમામ)
૧૯. ઉદ્યોગ અને ખાણ વિભાગની સર્વે શાખાઓ/નાણા શાખા(ઉદ્યોગ)સહિત.
૨૦. નિયામકશ્રી, ગ્રામ ટેકનોલોજી સંસ્થા, ગુજરાત રાજય, ગાંધીનગર.
૨૧. શ્રમ આયુક્તશ્રી, ઉદ્યોગ ભવન,ગાંધીનગર.
૨૨. ઇન્ચાર્જશ્રી, કોમ્પયુટર સેલ, ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (વેબસાઇટ ઉપર મુકવાની વિનંતી સહ).

*પત્ર દ્વારા

ક્રમાંકઃઉક/સો.ટેક્ષ/હીરા.ઉ/૧૪૭/5813360
ઉદ્યોગ કમિશનરશ્રીની કચેરી
બ્લોક નં-૧, ઉદ્યોગ ભવન,
ગાંધીનગર.
તારીખ:૨૯/૦૫/૨૦૨૫

પ્રતિ,
જનરલ મેનેજરશ્રી,
જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર,
તમામ.................

વિષયઃ- રત્નકલાકાર / એકમને અરજી કરવા માટેના અરજી ફોર્મ અને ચેકલીસ્ટ બાબત.

સંદર્ભ:- (૧) ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક નં. હરઉ-૧૦૨૦૨૫-૪૪૨-ચ, તા. ૨૪/૦૫/૨૦૨૫

(૨) માન. ઉ.ક.શ્રીની ફાઈલ પર મળેલ મંજૂરી, તા. ૨૯/૦૫/૨૦૨૫

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ (૧) દર્શિત ઠરાવ અન્વયે રત્નકલાકાર / એકમને અરજી કરવા માટેના અરજી ફોર્મ અને ચેકલીસ્ટ આ સાથે સામેલ રાખી આગળની કાર્યવાહી અર્થે મોકલી આપવામાં આવે છે. વધુમાં, ઉક્ત પેકેજ જાહેર થયા તારીખથી અરજી કરવાનો સમયગાળો મર્યાદીત હોઈ, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રએ ચેકલીસ્ટ મુજબના ડોક્યુમેન્ટ સીવાય પણ અરજી સ્વીકારવા આથી જણાવવામાં આવે છે તથા ડોક્યુમેન્ટની પૂર્તતા થયે અરજી અંગેની આગળની જરૂરી કાર્યવાહી કરવાની રહે.

આપનો વિશ્વાસુ,

(સંયુક્ત ઉદ્યોગ કમિશ્નરશ્રી (સોલ્ટ/ટેક્ષ.)

બિડાણ: ઉપર મુજબ

# સ્કુલ ફી સહાય અરજી ફોર્મ

## ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવ ક્રમાંક નં. હરઉ-૧૦૨૦૨૫-૪૪૨-ચ, તા. ૨૪/૦૫/૨૦૨૫

**For Office Use:**
**જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર :- .........................., તા : .......................**
**અરજીનો યુનિક ક્રમાક નંબર :- ............................**

| | | | |
|---|---|---|---|
| ૧.૦ | **અરજદારે ભરવાની વિગતો** | | |
| ૧.૧ | અરજદાર/રત્નકલાકારનું પુરૂનામ | - | |
| ૧.૨ | અરજદાર/રત્નકલાકારની જન્મ તારીખ અને ઉમર | - | |
| ૧.૩ | અરજદારનું હાલનું સરનામું | - | |
| ૧.૪ | મોબાઇલ નંબર / ફોન નંબર | - | |
| ૧.૫ | આધાર કાર્ડ નંબર<br>(૧) અરજદારનું આધાર કાર્ડ નંબર<br>(૨) અરજદારના બાળક/બાળકોના આધાર કાર્ડ નંબર | - | |
| ૨.૦ | **સ્કુલ ફી સહાય માટેની વિગતો** | | |
| ૨.૧ | અરજદારના સ્કુલે જતા બાળકોની સંખ્યા અને નામ : | - | |
| ૨.૨ | સ્કુલ ફી સહાય લેવા માંગતા બાળકો અંગેની વિગતો : | | |

| ક્રમ | બાળકનું પૂરૂ નામ | શૈક્ષણીક વર્ષ ૨૦૨૫-૨૬ માટે બાળકનું ધોરણ | વિધાર્થીનો આધાર બેઈઝડ યુનિક નંબર / આધાર નંબર (મરજિયાત) | સ્કુલનું નામ અને સરનામું | શૈક્ષણીક વર્ષ ૨૦૨૫-૨૬ માટે નિયત થયેલ વાર્ષિક ફી |
|---|---|---|---|---|---|
| ૧. | | | | | |
| ૨. | | | | | |
| 3. | | | | | |
| ૪. | | | | | |

| | | | |
|---|---|---|---|
| | | | |
| ૩.૦ | **રત્નકલાકાર ને સંબંધિત વિગતો** | | |
| ૩.૧ | રોજગારીથી વંચિત થયા પૂર્વ રત્નકલાકાર કામ કરતા હોય તે ફર્મ/પેઢીનું નામ તથા સંપર્ક નંબર તથા અરજદારનો હોદ્દો | - | |
| ૩.૨ | ફર્મ/પેઢીનું માલિક/એચ. આરનું નામ અને સંપર્ક નંબર | - | |
| ૩.3 | કેટલા સમયથી આ ફર્મ/પેઢી સાથે સંકળાયેલ હતાં? | - | |
| ૩.૪ | રત્નકલાકારને ફર્મ/પેઢીમાંથી છુટા કર્યા તારીખ: | - | |
| ૩.૫ | રત્નકલાકારને Skill-Upgradation અથવા Re -Skilling કે જે રોજગારી મેળવવા માટે જરૂરી છે તે અંગેની આવશ્યક્તા છે કે કેમ? | - | |
| ૩.૬ | જો આવશ્યક્તા હોય, તો કઈ Skill ની છે? | - | |
| ૪.૦ | **સહાયની રકમ જમા કરાવવા માટે સ્કુલના બેંક ખાતાની વિગત** | | |
| ૪.૧ | સ્કુલની બેંક એકાઉન્ટ/ખાતા નું નામ | - | |
| ૪.૨ | બેંકનું નામ અને સરનામું | - | |
| ૪.3 | સ્કુલનો એકાઉન્ટ/ખાતા નંબર | - | |
| ૪.૪ | IFSC Code | - | |

**સ્થળ : ........................................**

**તારીખ : ........................................**

**એકમના પ્રોપ્રાઈટર / ડાયરેક્ટર / પાર્ટનરનુ ...................................................**

**નામ અને સહી : ...................................................**

**<u>રત્નકલાકારને રજૂ કરવાના આધાર પુરાવા</u>**

| ક્રમ | રજુ કરેલ પુરાવાની વિગત | રજુ કરેલ છે.હા /ના |
|---|---|---|
| ૧ | આધાર કાર્ડની નકલ (અરજદાર અને અરજદારશ્રીના બાળક) | |
| ૨ | રત્નકલાકાર / અરજદારનો તાજેતરનો પાર્સપોર્ટ સાઈઝ ફોટો | |
| ૩ | રત્ન કલાકાર હોવા અંગેનું જિલ્લા શ્રમ અધિકારીશ્રીનુ પરમાણપત્ર અથવા રોજગાર અધિકારીશ્રીનું પ્રમાણપત્ર અથવા રત્નકલાકારને ડાયમંડ એશોસીએશન દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર / ભલામણપત્ર. | |
| ૪ | બાળકના શાળામાં અભ્યાસ કરતા હોવા અંગેનુ શાળાનું બોનાફાઇ સર્ટીફીકેટ | |
| ૫ | બાળકની સ્કુલ ફી અંગેનું સ્કુલનું પ્રમાણપત્ર | |
| ૬ | શાળાના કેન્સલ ચેકની નકલ | |

**નામ : ........................................................**

**સ્થળ : .......................................................**

**અરજદારની સહી : .......................................................**

# : બાહેધરી :

આથી હું/ અમો ______________________________________________________________
રહે ______________________________________________________________________
અને __________________________________________સ્થળે હીરાના કારીગર તરીકે ઓછામાં ઓછા ત્રણ વર્ષ કામગીરી કરેલ છે તેમજ હાલમાં હું હીરા ઉદ્યોગ ક્ષેત્રની રોજગારીથી વંચિત છું. અમોએ આપેલ બધી માહિતી સાચી છે. તેમજ ઉપર્યુક્ત હકીકત અસત્ય પુરવાર થશે તો સરકારશ્રી નિયમોનુંસાર કાર્યવાહી કરી શકશે. જે હેતુ માટે સહાય મંજુર થઈ છે તે સિવાય અન્ય હેતુ માટે તેનો ઉપયોગ નહીં કરવા બાંહેધરી આપું છું/આપીએ છીએ.

**નામ : ........................................................**

**સ્થળ : .......................................................**

**અરજદારની સહી : ........................................................**

# <u>પ્રમાણપત્ર</u>

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે અમારી શાળા .......................................................... માં વર્ષ – ૨૦૨૫-૨૬માં ધોરણ - ....... વર્ગ - ....... માં અભ્યાસ કરતા (વિદ્યાર્થી/વિદ્યાર્થીનીનું પૂરું નામ) ......................................................................ની વાર્ષિક સ્કૂલ ફી .................... અંકે રૂપિયા............... ............... ....... છે. જે શાળાના રેકર્ડ પરથી ખાત્રી કરી આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

સ્થળ :-

તારીખ :-

**શાળાનો રાઉન્ડ સીલ** **આચાર્યની સહી/સિક્કો**

**આચાર્યનું નામ**

# : <u>ભલામણ પત્ર</u> :

ભલામણપત્રનો ક્રમ નં......................... તા....../...../૨૦૨૫

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે, શ્રી........................................................ ...................................................રહે ............................................................................................................. ..................................................................................................................................ના એકમ ............................................................... માં રત્ન કલાકાર તરીકેની કામગીરી કરેલ છે. અરજદાર તા.૩૧/૦૩/૨૦૨૪ થી હીરા ઉદ્યોગ ક્ષેત્રની રોજગારીથી વંચિત છે. હીરા ઉદ્યોગથી છૂટા થયા પુર્વે ઓછામાં ઓછા ત્રણ વર્ષ હીરાના કારખાનામાં કામગીરી કરેલી છે, જેની ચકાસણી અત્રેથી કરવામાં આવેલ છે. જેથી અરજદાર ગુજરાત સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના તા.૨૪/૦૫/૨૦૨૫ના ઠરાવ ક્રમાંક : હરઉ-૧૦૨૦૨૫-૪૪૨-ચ હીરા ઉદ્યોગ સહાય પેકેજ અન્વયે સહાય મેળવવા માટે પાત્રતા ધરાવે છે. સદર અરજદારને સહાય પેકેજ અંતર્ગતના લાભ આપવા અર્થે અત્રેથી ભલામણ કરવામાં આવે છે.

તારીખ : ....../....../૨૦૨૫
સ્થળ : સુરત

(સહી/સિક્કો)
સુરત ડાયમંડ એસોસીએશન

ભલામણપત્ર આપનારનું નામ :...................................................
હોદ્દો :...................................................
મોબાઈલ નંબર :...................................................